# હિંમતનગરમાં યોજાયેલી આરઆરએસની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠાના હિંમતનગરના સ્વામીનારાયણ મંદીર ખાતે રવિવારે આરએસએસની સમન્વય બેઠક યોજાઈ હતી. જેમાં રાજયના મુખ્ય -ધાન આનંદીબેન પટેલ ઉપસ્થીત રહ્યા હતાં. સમન્વય બેઠકમાં આરએસએસ ઉપરાંત સમવિચારધારા ધરાવતા એકમો એટલે કે વિએચપી અને ભાજપ સહીતના અગ્રણીઓ પણ બેઠકમાં જોડાયા હતાં.

સાબરકાંઠાના હિંમતનગરના કાંકણોલ પાસે આવેલા સ્વામીનારાયણ મંદીરમાં સંધની ૧૮ જુનથી શરુ થયેલ ત્રીદીવસીય શીબીરનો રવિવારે સમાપન -સંગે સમન્વય બેઠક યોજાઈ હતી. જેમાં પશ્ચીમ -ંતના -મુખ -ચારક દેશ પાંડે ઉપરાંત રાજયના મુખ્ય -ધાન આનંદીબેન પટેલ પણ ઉપસ્થીત રહ્યા હતાં. આનંદીબેન ઉપરાંત -દેશ ભાજપના મહામંત્રી વિજય રૂપાણી, પુરૂષોત્તમ રૂપાલા, આઈ. કે. જાડેજા, રાજયકક્ષાના -ધાન શંકર ચૌધરી, પુર્વ ગૃહ -ધાન -ફુલ્લ પટેલ સહીતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતાં.

બેઠકમાં ૭૦ જેટલાં સભ્યો અપેક્ષીતોની આ બેઠક યોજવામાં આવી હતી. સવારે ૧૦ વાગે આવેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ -થમ સ્વામીનારાયણ મંદિરમાં જઈ ને ભગવાનનું પૂજન અર્ચન કર્યુ હતું ત્યાર બાદ બેઠકમાં ૨ કલાક ૨૦ મીનીટ ભાગ લીધો હતો અને ત્યાર પછી સમૂહ ભોજન લીધું હતું અને ૧ વાગે ૧૦ મીનીટે ગાંધીનગર જવા રવાના થયા હતા. લગભગ ત્રણેક કલાક જેટલો સમય આ બેઠકનો દૌર ચાલ્યો હતો જેમાં સંઘની એક વર્ષની કાર્યવાહી ની સમીક્ષા કરાઈ હતી તેમજ સંઘના -ચારકોને નવા સ્થાનોની પણ ચર્ચા કરાઈ હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે લોકસભાની ચુંટણી પુર્વે સંઘની બેઠક મળી હતી ત્યાર બાદ હવે ચુંટણી બાદ બેઠક યોજાઈ હતી આમ રાજકીય સમીક્ષાની ચર્ચા પણ થઈ હોવાની શક્યતાને નકારી શકાય એમ નથી.

## પ્રાંતિજ પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીની ચૂંટણી યોજાશે

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીની અગિયાર સભ્યો માટેની ચૂંટણી આગામી ૨૯મી જૂનના રોજ યોજાશે. જેને લઈ પ્રાંતિજ તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે.

પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સરાફી મંડળી માટેની ૧૧ બેઠકો સામે ૪૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ૨૧ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. પરિણામે ૧૯ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. અંદાજે કરોડો રૂપિયાનું ટર્ન ઓવર કરતી આ સંસ્થા માટે પ્રામાણિક, હોંશિયાર તેમજ પરગજુ સ્વભાવના સંચાલનની જરૂર છે ત્યારે માત્ર રાજકારણના રંગે રંગાયેલા કેટલાકને આ વખતે રાજકારણનો રંગ ઉતારી દેવા શિક્ષક મતદારોએ મનોમન નક્કી કર્યું હોય તેમ અક્કડ મૌન સેવી રહ્યા છે અને સેવાભાવી ઉમેદવારો તરફી જોક આપશે તેવુ જાણકારોનું મંતવ્ય છે. રસાકસીભરી આ ચૂંટણીમાં હાર-જીતના લેખા જોખા થઈ રહ્યા છે.

# મહેસાણામાં ખાનગી સંસ્થાઓ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોમાં ડોનેશન પેટે ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લામાં આવેલ ઉચ્ચ શિક્ષણની સ્વનિર્ભર સંસ્થાઓ પૈકી મોટાભાગની સંસ્થાઓના સંચાલકો મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં બિન્દાસપણે ડોનેશન પેટે તગડી રકમ લઈને ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા હોવાની લોક ફરીયાદ ઉઠી છે.

મહેસાણા જિલ્લામાં ઉચ્ચ શિક્ષણની સ્વનિર્ભર કોલેજો જેવી કે, એન્જિનિયરીંગ, ફાર્મસી, બી.એડ., બી.પી.એડ. તથા અન્ય કોલેજો આવેલ છે. આ સ્વર્નિભર કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે ત્યારે અપવાદરૂપ કેટલીક કોલેજોને બાદ કરતાં મોટાભાગની સંસ્થાઓ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં ડોનેશનપેટે મોટી રકમની માગણી કરીને ગરજવાન શિક્ષિત યુવાન યુવતીઓના વાલીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કહે છે કે ખાનગી શાળાઓ તથા કોલેજો પૈકી કેટલીક કોલેજોમાં રીતસર તગડી રકમ પડાવવામાં આવી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો પ્રવેશ આપવાની બાબતમાં તગડી રકમ ઉઘરાવીને પવિત્ર શિક્ષણને કલંકિત કરી શિક્ષણના નામે વેપાર કરી રહ્યા છે. આવી સંસ્થાઓમાં બેઠેલા સંચાલકો, ટ્રસ્ટીઓએ નૈતિક મુલ્યોને નેવે મુકી શિક્ષણના વેપારની હાટડી શરૂ કરી હોવાનું કહેવાય છે. કેટલીક સંસ્થાઓમાં શિક્ષણ ધંધો બની ગયેલ છે.

કહે છે કે સ્વનિર્ભર કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાની સીટો પર પ્રવેશ મેળવવા માટે ડોનેશન પેટે મોટી રકમ આપવી પડતી હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ યા વાલીઓને મિલકતો વેચવી પડે છે યા તો સગા સંબંધી, સમાજના મંડળો પાસેથી નાણાં લેવા પડે છે. ગરીબ અને મધ્યવર્ગના કેટલાયની હેસિયત હોતી નથી તેઓને પ્રવેશની આશા છોડી દેવી પડે છે. પરિણામે હોંશિયાર શિક્ષિત યુવાન યુવતીઓનું ભાવિ અંધકારમય બની જાય છે. વધુમાં હવે કેટલીક ઉચ્ચત્ર માધ્યમિક શાળાઓમાં પણ પ્રવેશ લેવા માટે ડોનેશન આપવું પડતું હોવાની ફરિયાદો ઉઠી છે.

ઉપરોક્ત બાબતે રાજયના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે તપાસ કરી શિક્ષણના નામે વેપલો ચલાવી રહેલ સંસ્થાઓના સંચાલકો દોષિત ઠરે તો તેઓની સામે કાનૂની રાહે કડક પગલાં ભરવાં જોઈએ તેવું લોકોમાં બાલાય છે. જિલ્લામાં પ્રાથમિકથી માંડીને કોલેજ સુધી શૈક્ષણિક સંસ્થાઓનો વ્યાપ ખુબ વધી ગયો છે. ત્યારે ઘણી આવી સંસ્થાઓ પ્રવેશ માટે નાની મોટી રકમ ડોનેશન યા ફાળા પેટે ઉઘરાવીને વિદ્યાર્થીઓ તથા વાલીઓને આર્થિક રીતે ખંખેરી રહ્યાની બૂમરાણ ઉઠી છે. ત્યારે શિક્ષણ વિભાગના વરિષ્ઠ સત્તાધિશોએ સત્વરે તપાસ કરી કડક પગલાં ભરવા જોઈએ તેવો લોકમત છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## સુરક્ષા સેતુ અંતર્ગત ડીસા ખાતે વાહન ચાલકોની આંખ તપાસણી કરાઈ

ડીસા ખાતે સુરક્ષા સેતુ અંતર્ગત ગત રોજ પોલીસ કર્મીઓ દ્વારા તમામ વાહન ચાલકોની આંખોની તપાસ કરી દવાઓ લખી આપવામાં આવી હતી. ડીસા શહેર ખાતે સુરક્ષા સેતુ અંતર્ગત અકસ્માતો નિવારવા માટે ડીસા દીપક હોટલ ચાર રસ્તા નજીક આવેલ પશુ દવાખાના આગળ ડીસા પોલીસ દ્વારા સ્ટુડન્ટ કેડેટ પ્રોજેક્ટ ફ્રી આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાહન ચાલકોની આંખો તપાસી તેમને વિવિધ સલાહ-સુચન તેમજ દવાઓ લખી આપવામાં આવી હતી. આ કેમ્પમાં અંદાજે ૨૦૦ જેટલા વાહનચાલકોની આંખોની તપાસણી કરવામાં આવીહતી. આ કેમ્પમાં ડીસાના આઈ સ્પેશ્યાલીસ્ટ ડૉ. વિનોદસિંહ પટેલ દ્વારા વાહનોની આંખો તપાસાઈ હતી. આ પ્રસંગે ડી.વાય.એસ.પી. એચ.આર. દેસાઈ, પી.આઈ. કે.ડી. નકુમ, પી.આઈ. જે.ડી. આસોડીયા તેમજ પી.એસ.આઈ. ડી.યુ. બારડ અને પી.એસ.આઈ. બી.કે. પરમાર તેમજ પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

# બનાસકાંઠા જિલ્લામાં વિકાસકામો સમય મર્યાદામાં જ કરાવવા ક્લેક્ટરે કમર કસી

### ભાભર, થરાદ, અમીરગઢ અને દાંતાના પ્રશ્નો હલ કરીને ૮.૬૫ કરોડના સ્કૂલ બિલ્ડીંગના કામો શરૂ કરાવ્યા

બનાસકાંઠા જીલ્લામાં લોકોની જરૂરીયાત અને સુવિધાના કામો સમયમર્યાદામાં જ અને સારી ગુણવત્તાના થાય તે માટે કલેકટરશ્રી મહેન્દ્ર પટેલે અધિકારીઓને જરૂરી સુચના આપી છે. પીવાનું પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને વીજળી જેવી બાબતોમાં જીલ્લાના લોકોને કોઈ જ તકલીફ ન પડે તે માટે કલેકટરશ્રી દ્વારા વિકાસકામો ઉપર સીધી નજર રાખીને સંબંધીત અધિકારીઓ સાથે સમયાંતરે નિયમિત રિવ્યુ કરવામાં આવે છે.

રાષ્ટ્રિય માધ્યમિક શિક્ષણ અભિયાન RMSA અન્વયે થરાદ મુકામે રૂ.૧૯૦.૭૪ લાખના ખર્ચથી મોડેલ સ્કુલની ગર્લ્સ હોસ્ટેલ, ભાભર મુકામે રૂ.૩૪૬.૬૨ લાખના ખર્ચથી મોડેલ સ્કુલ અને રૂ.૨૦૯.૪૨ લાખના ખર્ચથી ગર્લ્સ હોસ્ટેલ, દાંતા તાલુકાના બેડા ખાતે રૂ.૫૫.૫૯ લાખના ખર્ચથી અને અમીરગઢ તાલુકાના ડાભેલી ખાતે રૂ.૬૩.૫૯ લાખના ખર્ચથી મોડેલ સ્કુલ બનાવવાના વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા.

કલેકટરશ્રી મહેન્દ્ર પટેલના ધ્યાન ઉપર આવ્યુ કે આ સ્થળોએ દબાણ તથા અન્ય અવરોધરૂપ બની શકે તેમ છે. તેથી તેમણે આ -શ્નનું તાકીદે નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને સુચના આપતાં ચારેય સ્થળોએ DILR, પોલીસ બંદોબસ્ત, એજન્સીના -તિનિધિ, કાર્યપાલક ઈજનેરશ્રી, શિક્ષણાધિકારી, મામલતદારશ્રી, -ંત અધિકારીશ્રી વગેરે અધિકારીઓના સંયુક્ત -યાસથી ઝડપથી આ -શ્નોનું નિરાકરણ લાવી દેવામાં આવ્યું. કલેકટરશ્રીની સુચનાને પરિણામે ઝડપભેર -શ્નો હલ થઈ જતાં આ ચાર સ્થળોએ મોડેલ સ્કુલ બિલ્ડીંગ અને હોસ્ટેલના કામો રૂ.૮.૬૫ કરોડના ખર્ચના શરૂ કરવામાં આવ્યા છે. આ કામો પૂર્ણ થતાં જિલ્લાની સંખ્યાબંધ દિકરીઓને અધતન સ્કુલોમાં ભણીને આગળ વધવાની તક મળશે.

## લાંબડીયાના મેડિકલ ઓફિસરને કારણદર્શક નોટીસ

ખેડબ્રહ્મા, તા. ૨૨

લાંબડીયાના મેડીકલ ઓફિસરને જાણ કર્યા વગર ગેર હાજર રહેતા ખુલાસો માંગતી કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ લાંબડીયા ખાતે થોડા સમય પહેલા ફરજ પર ડો. ચંદ્રપ્રકાશ મકવાણા હાજર થયા હતા અને ફરજ પર નિયમિત હાજર ન રહેતા હોવાની વાત જિલ્લા આરોગ્ય અધિકારી મનિષ ફેન્સીના ધ્યાને આવતા આકસ્મિક તપાસ કરતા મકવાણા ગેર હાજર જણાતા ફેન્સીએ કારણદર્શક નોટીસ ફટકારી હતી. ડો. મકવાણાને અગાઉ ઉંચીધનાલ પી.એસ.સી. સેન્ટર પર મહિલાઓ સાથે અભદ્ર માંગણીઓ કરવા બદલ નોટીસ ફટકારી લુસડીયા ખાતે બદલી કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્મામાં પાલિકાની દુકાનો ભાડે લેનાર કોઈ મળતું નથી

## પાલિકા દ્વારા બનાવેલ કુલ ૬૧ દુકાનો ધુળ ખાય છે

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા પાલિકા દ્વારા ગાયત્રી મંદિર સામે બનાવવામાં આવેલ ૧૯ દુકાનો માટે છેલ્લા બાર મહિનાથી વારંવાર હરાજીની જાહેરાત કરવા છતાં પાલિકાની દુકાનો ભાડે રાખનાર કોઈ મળતું નથી આ દુકાનોનો તળિયાનો વિકાસફાળાની મોટી રકમ તથા ઉંચા ભાડાના કારણે કોઈ પણ નાગરિક દુકાનોની હરાજી બોલવા પાલિકાના પગથિયા ચડતો નથી. વિકાસફાળાની તથા ભાડાની રકમ ઘટાડવામાં આવે તેવી લોક માંગણી છે.

ખેડબ્રહ્મા શહેરમાં રેલવે સ્ટેશન જવાના માર્ગ ઉપર ગાયત્રી મંદિર સામે પાલિકા દ્વારા સી.સ. નંબર ૨૬૭૬ પૈકીની જમીન તળે ૧૯ દુકાનો બનાવવામાં આવી છે. આ ૧૯ દુકાનો વિકાસફાળાની ઉંચી બોલ બોલનાર અને માસિક ભાડુ ભરવા સંમત થનારને ૧૦ વર્ષના ભાડા પટ્ટે હરાજીમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ દુકાનો ભાડા પટ્ટે આપવા માટે રૂ. ૫ લાખ તળીયાનો વિકાસફાળો તથા રૂ.૧ ૬૦૦ થી રૂ. ૨૦૦૦ સુધીનું ભાડુ નક્કી કરવામાં આવ્યું છે. આ ૧૯ દુકાનોમાં અનામત પાંચ દુકાનો ના ભાડા ઓછા રાખવામાં આવ્યા છે. આ દુકાનો ભાડા પટ્ટે આપવા માટે પાલિકા દ્વારા સપ્ટેમ્બર-૧૩, માર્ચ-૧૪, મે-૧૪ તથા ૨૧-૬-૨૦૧૪ ના રોજ એમ વારંવાર હરાજી માટે દૈનિક તથા સ્થાનિક સમાચાર પત્રોમાં જાહેરાતો આપવામાં આવી છે તેમ છતાં ૧૯ દુકાનો માટે રૂ. ૫૦,૦૦૦ની ડીપોઝીટ ભરી હરાજી બોલનારા આંગળીના વેઢે ગણી શકાય તેટલા માંડ મળ્યા છે તેથી પાલિકાને ના છુટકે હરાજી મોકુફ રાખવાની ફરજ પડી છે. છેલ્લે તા. ૨૭-૬-૧૪ના રોજ આ દુકાનોને ભાડે રાખવા માટે છેલ્લી તક આપવામાં આવી હોવાનું હોવાનું ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલે જણાવ્યું હતું. શહેરના મધ્યમ અને નાના વેપારીઓના જણાવ્યા અનુસાર વિકાસફાળાની તળીયાની રકમ ઘણી મોટી છે તથા માસિક ભાડુ પણ વધુ રાખવામાં આવ્યું છે તેથી હરાજીમાં કોઈ ઉભા રહેવા તૈયાર નથી. આ ગાયત્રી શોપીંગ સેન્ટરની પગથીયા વગરની ૧૯ દુકાનો ની હરાજી માટે પુનઃ વિચારણા કરવામાં આવે તેવી લોકોની માગણી છે.

પાલિકા દ્વારા ગાયત્રી શોપીંગ સેન્ટરની ૧૯ સ્વામી વિવેકાનંદ હોલ નીચેની ૧૫ અને બસ સ્ટેન્ડ ઉપર પ્રથમ માળે બનાવે અંબિકા શોપીંગ સેન્ટરની ૨૭ મળી કુલ ૬૧ દુકાનો હાલ તો ધુળ ખાય છે. ખેડબ્રહ્મા શહેરમાં વ્યાજબી ભાવે દુકાનો મેળવવાની અમૂલ્ય તકના મથાળા હેઠળની પાલિકાની જાહેરાત ઉંચા વિકાસફાળાના કારણે કોઈના ગળે ઉતરતી ન હોવાનું જણાઈ આવે છે.

ખેડબ્રહ્મા પાલિકાના સર્વેયર રાજુભાઈ જાનીએ જણાવ્યું હતું કે દુકાનો માટેની તળિયાની કિંમત તથા ભાડુ રાજય સરકારનું શહેરી વિકાસ મંત્રાલય નક્કી કરતું હોય છે પાલિકાએ તો માત્ર આ નીતીને અનુસરી કાર્યવાહી કરવાની હોય છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## પ્રાંતિજ તાલુકા પેન્શનરોની વાર્ષિક બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકા પેન્શનરોની વાર્ષિક સાધારણ બેઠક તાજેતરમાં પ્રાંતિજની પી.ટી.સી. કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પેન્શનરો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતુ અને બાદમાં ૭૫ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનરોનું સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને તમામ પેન્શનરોના પડતર પ્રશ્ન અંગે ઉકેલવવા અને મદદરૂપ થવા બાહેંધરી આપી હતી. આ બેઠકમાં ધનજીભાઈ પટેલ દિપસિંહ રાઠોડ સહિત અનેક વડીલો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર એલ.સી.બી.એ ત્રણ પશુચોરો ઝડપી પાડ્યા

### પોલીસે આરોપીની પુછપરછ કરતા ૧૪ પશુચોરીની કબુલાત કરી



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી થતા પશુચોરીના બનાવો સામે જિલ્લા એલ.સી.બી.એ સઘન પોલીસ તપાસ કરતા આજે પશુચોરી કરતી ટોળકીને પકડી પાડવામાં સફળતા મળી હતી. ત્રણ પશુચોરોને પકડી પુછપરછ કરતા આરોપીઓએ ૧૪ પશુચોરીના ગુન્હાની કબુલાત કરી હતી. આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અનેક વિસ્તારમાં પશુચોરી થવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો હતો. પરિણામે પશુપાલકો ભારે ચિંતામાં મુકાયા હતા અને આ સંદર્ભે પોલીસને પણ લેખિત અને મૌખિક ફરિયાદ આપી હતી અને પશુચોરોને પકડી પાડવા માંગ કરી હતી. જેને લઈ જિલ્લા એલ.સી.બી.ની ટીમે આ મામલે સઘન તપાસ હાથ ધરતા આજે એલ.સી.બી. પોલીસને સફળતા મળી હતી. પોલીસે બાતમીના આધારે પશુચોરી કરતા જાવેદ નુરખા ઉમર મુલતાની (રહે. મોડાસા), ઝાકીર કાલુમુલવાની અને રાણા સૈયદને પકડી પાડ્યા હતા અને પુછપરછ કરતા પ્રાંતિજ સહિત આસપાસના પોગલુ અને સોનાસણમાંથી ૧૪ જેટલા પશુઓની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આમ પશુચોરોને પકડવામાં પોલીસને સફળતા મળતા અન્ય ગુન્હાઓનો ભેદ પણ ઉકેલાશે. આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા મોડાસાની સરસ્વતી પ્રાથમિક શાળા ખાતે જે.એમ. શાહ તથા જશુભાઈ શાહના વરદ્ હસ્તે જરૂરીયાતમંદ બાળકોને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાયત્રી શિક્ષણ સેવા ટ્રસ્ટના નવીનભાઈ ત્રિવેદીના માધ્યમથી નોટબુક પ્રાપ્ત થઈ હતી.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન